છેલ્લા કેટલાક સપ્તાહોથી એમએસઓ અને તેના વિવિધ ઓપરેટર્સ દ્વારા હરભજનની ડાયલ ઈન સેશન માટે નંબરો આપવા અને કોલ કરવા અંગેની માહિતી આપતા પ્રોમોઝ રજૂ કરવામાં આવી રહ્યાં છે. હરભજનના પ્રોમો ફિલ્મો, સમાચારો, સ્થાનિક કાર્યક્રમો વગેરેની વચ્ચે દર્શાવવામાં આવતા હતા તેમજ સ્થાનિક રેડિયો સ્ટેશન ઉપર પણ રજુ કરાતા હતા. ચેનલ પર ૬ મહિના સતત ક્રિકેટ સેશન દર્શાવનાર ચેનલે સહારા બીસીસીઆઈ કોર્પોરેટ ટ્રોફિથી શરૂઆત કરી હતી. જેના પછી ઓક્ટોબરમાં ભારત- ઓસ્ટ્રેલિયા વન-ડે સિરીઝ, નવેમ્બર ડિસેમ્બર-૦૯માં ભારત શ્રીલંકા વચ્ચેની ક્રિકેટ સીરીઝ, જાન્યુઆરી ૨૦૧૦માં ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે ત્રિકોણીય ક્રિકેટ જંગ અને ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૦ દરમ્યાન ભારત- દક્ષિણ આફ્રિકા વચ્ચેની ક્રિકેટ સીરીઝ દર્શાવાશે. સતત ૬ મહિના સુધી ક્રિકેટનું પ્રસારણ નીયો સ્પોર્ટસ બ્રોડકાસ્ટને નં૧ સ્પોર્ટસ ચેનલ ફોર ધ યરનું બહુમાન પ્રાપ્ત થયું છે.